Janmabhoomi Pravasi
Date : 4-2-2007 • Sunday • Mumbai

# ભ્રષ્ટાચાર : ભારતીય શાસનપદ્ધતિનો કેન્સર

જશવંત મહેતા

આઝાદી મેળવ્યા પછીના ગાળામાં નિઃશંક ભ્રષ્ટાચાર કૂદકે ને ભૂસકે વધતો રહ્યો છે અને છેલ્લાં પચીસ-ત્રીસ વર્ષમાં આ પ્રમાણ વધતું-વધતું એવી કક્ષાએ પહોંચ્યું છે કે જો તેને ડામવા માટે ત્વરિત જલદ પગલાં નહીં લેવાય તો કેન્સરની જેમ તીવ્ર ઝડપે ફેલાઈને દેશ આખાને સંપૂર્ણપણે કોરી ખાશે એ સમય દૂર નથી.

આજે એક હવાલદારથી લઈને મોટા ભાગની નિમણૂકો કે પ્રમોશનો પૈસાની આપ-લેથી થાય છે. થોડા સમય પહેલાં મારે કેન્દ્રના પર્યટન ખાતાના એક ઉચ્ચ અધિકારીના સંપર્કમાં આવવાનું થયું. આ અધિકારી પ્રામાણિક હતા. તેઓ થોડાક વખતમાં જ નિવૃત્ત થવાના હતા. તેઓનું એક મહત્ત્વના પદ માટે પરદેશમાં પોસ્ટિંગ થયું હતું અને આ પદ માટે તે ખાતાના મંત્રી મહાશયની મંજૂરી બાકી રહેતી હતી. આ પ્રધાને જ્યારે તેમને મળવા બોલાવ્યા ત્યારે આ પ્રધાન મહાશયે આ મંજૂરી માટે કેટલા પૈસાની આપ-લે કરવી પડશે તે જણાવ્યું ત્યારે સૌપ્રથમ તો તેઓ દિગ્મૂઢ થઈ ગયા અને નમ્રતાથી આ તેમના માટે શક્ય નથી તેમ જવાબ આપ્યો ત્યારે આ મંત્રી મહાશયે પોતાની લાચારી દર્શાવી અને તે પોસ્ટિંગ માટે બીજાની નિમણૂક કરી. મારી સાથેની વાતચીતમાં તેઓએ આક્રોશ વ્યક્ત કરી હતાશ હૃદયે જલદીથી નિવૃત્ત થઈ તેમનો ક્યારે આ ભ્રષ્ટ શાસનમાંથી છુટકારો થશે તેની રાહ જોતા હતા.

આજથી પાંચેક વર્ષ પહેલાં અમે 'ફોરમ ફોર અ બેટર ડેમોક્રેસી' એ સંસ્થાના નેજા હેઠળ મુંબઈમાં 'લોકશાહી શાસનમાં ભ્રષ્ટાચારનું પ્રમાણ કઈ રીતે ઓછું થઈ શકે' એ વિષય પર જાહેરસભા યોજી હતી. જેમાં તે વખતના ચીફ વિજિલન્સ કમિશનર વિઠ્ઠલને મુખ્ય મહેમાન તરીકે બોલાવ્યા હતા. વિઠ્ઠલે પોતે પણ આ જાહેરસભામાં મોટા ભાગની સરકારી નિમણૂકો-પ્રમોશનમાં પૈસાની આપ-લે અગત્યનો ભાગ ભજવે છે તે હકીકતને સમર્થન આપ્યું હતું. થોડા વખત પહેલાં (ત્રણેક વર્ષ પહેલાં) હવાલદારની નિમણૂક માટે ૫૦,૦૦૦ રૂપિયાની બોલી બોલાતી હતી. આ આંકડો જેણે મજબૂરીથી લોન લઈને આ પૈસા ચૂકવેલા તેણે પોતે મને કહ્યો છે.)

કેન્દ્ર સરકાર યા તો રાજ્ય સરકાર કે પછી નગરપાલિકાના જે જે ખાતામાં છૂટથી લાંચ અપાતી કે લેવાતી હોય છે ત્યાં પોસ્ટિંગના ભાવ ખૂબ મોટા બોલાય છે. (થોડો વખત પહેલાં મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં એક એક્ઝિક્યૂટિવ એન્જિનિયરના પોસ્ટિંગ માટે એ વ્યક્તિએ પોતે ચૂકવેલો આંકડો રૂપિયા ૫૦ લાખનો હતો!) આ પોસ્ટિંગમાં લાંચની આપ-લે મોટે પાયે થાય છે. તે જ ખાતામાં આસિસ્ટન્ટ એન્જિનિયરના પોસ્ટિંગના ૨૫ લાખ બોલાતા હતા. એ નિઃશંક છે કે આ પૈસાની વહેંચણીમાં રાજકારણીઓ પણ સંડોવાયેલા હોય છે અને અમુક હિસ્સો સત્તાધારી પક્ષમાં પણ જતો હશે. કોઈ એન.જી.ઓ.એ આ ફાળાની વહેંચણી કેમ થાય છે તે સંશોધન કરવાની જરૂર છે!

પૈસા ચૂકવીને જ્યારે આવી નિમણૂકો અને બઢતીઓ અપાતી હોય ત્યારે આ રીતે પૈસા ચૂકવનાર પોતે ચૂકવેલા પૈસાથી કેટલા ગણી વસૂલી કરી શકાય તેની ગણતરી પહેલાં દિવસથી જ લાગી જાય તે સ્વાભાવિક છે.

આજે સરકારમાં કોઈ પણ સ્તરે- પછી નગરપાલિકા કે રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર હોય તમારે મંજૂરી મેળવવા માટે કે કોઈ પણ કામ આગળ ધપાવવા માટે અધિકારીના ટેબલના પેપરવેઈટની કેટલી ચુકવણી કરવી પડશે તેનો અંદાજ અગાઉથી લઈ તૈયારી કરવી પડે છે. (આજથી ચાળીસેક વર્ષ પહેલાં મેં જ્યારે વ્યવસાયિક કારકિર્દી શરૂ કરી ત્યારનો સમય આજના સમયની સરખામણીમાં સુવર્ણયુગ લાગે છે!)

ખાતાના પ્રધાનની મંજૂરી લેવી પડે તેવા કિસ્સામાં મંત્રી મહાશયના ખાંધિયાઓ કે વચેટિયા દ્વારા જ કામ થતું હોય છે અને આ વચેટિયાઓ થોડોક હિસ્સો પોતાનો રાખી બાકીનો ભાગ ઉપર પહોંચાડતા હોય છે. જો કોઈ વચેટિયાઓ પોતાની લિમિટ ક્રોસ કરે અથવા તો મંત્રીઓનો તેના પરનો ભરોસો ઊઠી જાય તો નવા ચેહરા બહાર પડે છે. આ વચેટિયાઓ ચમચાગીરી અને રાજકારણીઓના પી.આર.ઓ. તરીકેની ફરજ બજાવવામાં નિપુણ હોય છે. કોઈ કોઈ રાજકારણીનું લાંચ ખાતું તેના ખાતાના સરકારી અધિકારીઓ જ સંભાળે છે.

ભ્રષ્ટાચાર માટે આપનાર અને લેનાર બન્ને સરખા ગુનેગાર છે એમ કહેવાય છે, પણ આજે જ્યારે લાંચ લીધા વગર કામ કરનાર સરકારી અધિકારી શોધવા મુશ્કેલ છે અને લાંચ મજબૂરીથી કે લાચારીથી દેવી પડે છે ત્યારે આપનારને લેનારની કક્ષામાં કેમ મૂકી શકાય? એક પ્રામાણિક વ્યવસાયિક (પ્રોફેશનલ) પોતે લાંચ કે કમિશન ન લે, પણ તેને પણ મહાપાલિકા કે સરકારમાં પોતાના અસીલના કામ કરાવવા માટે લાંચ આપ્યા વગર છૂટકો જ નથી હોતો. જેમકે આર્કિટેક્ટનો પ્લાન પાસ કરવા માટે કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને ઈન્કમટેક્સ વિભાગમાંથી ઓર્ડર પાસ કરાવવો હોય એ માટે દલીલ કરી શકાય કે એન્ટિકરપ્શન બ્યૂરોમાં આવા ભ્રષ્ટ અધિકારીઓ સામે ફરિયાદ કરી તેને પકડાવી શકાય, પણ જ્યારે નીચલા સ્તરથી લઈ છેક ઉપર સુધી ભ્રષ્ટાચાર હોય ત્યારે તમે કેટલા ભ્રષ્ટ અધિકારીઓ વિરુદ્ધ ફરિયાદ કરો અને આ ભ્રષ્ટ અધિકારીઓને પકડાવ્યા પછી તેની જગ્યાએ આવનારા નવા અધિકારી પણ ભ્રષ્ટ જ આવવાની પૂરેપૂરી શક્યતા હોવાથી લોકો ભ્રષ્ટાચારને સહન (Tolerate) કરતા થઈ ગયા છે અને ધંધા કે વ્યવસાયિક પ્રેક્ટિસ લાંચ આપ્યા સિવાય શક્ય નથી તે સ્વીકારતા થઈ ગયા છે. આજે કોઈ પણ પ્રોજેક્ટનું બજેટ બનાવતી વખતે ભ્રષ્ટાચારનો ખર્ચો પણ અંદાજાય છે અને તેને ઉમેરીને જ કામ કરવું પડે તે પરિસ્થિતિ છે. આ ઉપરાંત એક ડર એ પણ હોય છે કે એ જ ખાતામાં તમને હંમેશાં કામ પડતું હોય અધિકારીઓ ભ્રષ્ટાચારી હોય તો કોઈ એકને પકડાવીને આ બધાની નારાજગી કોને પાલવે?

ભ્રષ્ટાચારથી સમાજના દરેક વર્ગને સહન કરવું પડે છે, પણ તરત ગળે ન ઊતરે તે સત્ય એ છે કે સૌથી વધારે ફટકો સમાજના નીચલા (ગરીબ) વર્ગને પડે છે. એકલા દિલ્હીમાં જ આજની છએક વર્ષ પહેલાં વ્યવસ્થિત રીતે માહિતી પ્રાપ્ત થતાં જાણવા મળ્યું કે પોલીસ તથા મ્યુનિસિપલ કોર્પોરેશનનો સ્ટાફ ફેરિયા, લારીવાળા તથા હાથગાડીવાળા પાસેથી વર્ષદહાડે રૂ. ૪૦ કરોડ લાંચ દ્વારા વસૂલ કરતા હતા! વિઠ્ઠલે આ માહિતી આપતાં કહ્યું હતું કે આ આંકડા પ્રાપ્ત થતાં તેઓએ દિલ્હીની રાજ્ય સરકાર તથા વડા પ્રધાન સમક્ષ જોરદાર રજૂઆત કરી આ ત્રણેને લેવા પડતા પરવાનાની પ્રથા રદ કરાવી. આ પરવાના મેળવવા માટે આ લોકોને લાંચ આપવી પડતી હતી અને જેઓ પાસે પરવાના નહીં હતા તેઓ પાસેથી નિયમિતહપ્તા રૂપે રકમ વસૂલાત કરાતી હતી. જો એકલા દિલ્હીમાં જ આટલા પૈસા સમાજના ગરીબ વર્ગ પાસેથી વસૂલાત થતા હોય તો ભારતનાં અન્ય શહેરોનો કુલ આંકડો કેટલો થતો હશે? વિઠ્ઠલે આપેલી અન્ય માહિતીમાં સરકારની જાહેર વિતરણ પદ્ધતિમાં જે સમાજના નીચલા વર્ગને મદદ કરવા માટે દર વર્ષે ૧૫૦૦ કરોડ ખર્ચાતા હતા તેમાંથી રૂપિયા દીઠ પંદર પૈસાની જ રાહત લોકો સુધી પહોંચતી હતી. બાકીના ૮૫ પૈસા પગાર અને લાંચમાં જ વપરાઈ જતા હતા! એક સમયે ભ્રષ્ટ સરકારી અધિકારીઓ તરફ સમાજમાં લોકો માનથી નહોતા જોતા, જ્યારે હવે તો ભ્રષ્ટાચારથી લોકો એટલા બધા ટેવાઈ ગયા છે કે આ ભ્રષ્ટ પૈસા પાત્ર અધિકારીઓ પૈસાના જોરે સમાજમાં પૂરેપૂરી રીતે માન ભોગવે છે અને તેઓને જરાય પણ નીચું જોવું નથી પડતું.